| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ: | 25/08/2025 |
| નોંધ્યા તારીખ: | 25/08/2025 |
| નિર્ણય તારીખ: | 13/04/2026 |
| સમયગાળો : | Y-0, M-7, D-16 |

---

**દ્વારકાના મહે. એડી.ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**
**મુકામ– દ્વારકા.**

---

ફોજદારી કેસ નં.૯૫૩/૨૦૨૫
આંક–

**<u>ફરિયાદી</u>** : – સરકારશ્રી

**વિરૂધ્ધ**

**<u>આરોપીઓ</u>** : મોહમ્મદ ઉમર સુલતાનઅલી મલેક
ઉ.વ.–૨૦, ધંધો–મજૂરી, રહે. રૂપેણ બંદર,
ફકીરા ચોકમાં દવારકા જિ. દેવભુમિ દવારકા

---

**ગુનો: ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબ.**

---

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એન.એલ.બામણીયા

આરોપીઓ તરફે વિ.વ.શ્રી.એમ.એચ.સોલંકી

---

**-: ઠ રા વ :-**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૪/૦૫/૨૦૨૫ ના રાત્રીના ચારેક વાગ્યે આ કામના ફરીયાદી વરવાળા અબાબાપુના ઉર્ષમાં સલામ ભરવા આવેલ હોય ત્યારે તેમનું હિરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ વાહન રજી.નંબર જી.જે. ૧૨.ઈ.જી.૭૮૦૦ જેના એન્જીન નંબર HA11EYL5L15140 તથા ચેસીસ નંબર- MBLHAW126 L5L96848 જેની કી.રૂ.૧૫,૦૦૦/- વાળું વરવાળા આરોગ્ય કેન્દ્ર સામે પાર્ક કરેલ હોય ત્યાંથી આરોપી તથા કા.સી.કી.ઓએ વાહનની ચોરી કરી લઇ જઇ તપાસ દરમ્યાન પકડાઇ જઇ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ -૩૦૩(૨), ૫૪ મુજબનો ગુનો કરેલ છે.

(૨) સદરહું ફરિયાદ દ્વારકા પો.સ્ટે.ફસ્ર્ટ. ગુ.ર.નં.૨૫૦૭૨૮/૨૫ થી નોંધી લેવામાં આવેલ. ત્યારબાદ ત.ક. અમલદારે ગુનાની તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરેલ છે. આ કામે અન્ય સંઘર્ષમાં આવેલ બાળકએ નંબર-૧. જુનેદ ફકીરા ભેસલીયા, ૨. અલી ઉર્ફે અલતમસ અહેમદભાઈ શેખ, ૩. તનવીર ઉર્ફે અમન અબ્બાસ ચાવડા વિગેરેનાઓ વિરુધ્ધ નામદાર ખંભાળીયા બાળ અદાલતમાં ચાર્જ રીપોર્ટ કરવામાં આવેલ છે.

(૩) આ કામના આરોપીને સમન્સની બજવણી કરતા,તેઓ કોર્ટ રૂબરૂ તેમના વ. શ્રી. મારફતે હાજર થતા તેઓને અન્વયે આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી. ત્યારબાદ આરોપી સામે આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી આંક- ૦૫ થી આરોપીની પ્લી

રેકર્ડ કરતાં,આરોપીએ તેમની સામેનો આક્ષેપ કબુલ નહી હોવાનું જણાવતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**-: મૌખિક પુરાવો:-**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી હનીફભાઈ અજીજભાઈ શેખની સોગંદ પરની જુબાની. | ૭ |
| ૨. | પંચ સાહેદ ભરતભાઈ ડાયાલાલ રાઠોડની સોગંદ પરની જુબાની. | ૦૯ |
| ૩. | પંચ સાહેદ રાણાભા ઓઘડભા માણેકની સોગંદ પરની જુબાની | ૧૧ |
| ૪. | પંચ સાહેદ ગગુભા જીવણભા વાઘાની સોગંદ પરની જુબાની | ૧૩ |
| ૫. | ત.ક.અ.શ્રી દુષ્યતપસિંહ દશરથસિંહ ઝાલાની સોગંદ પરની જુબાની | ૧૪ |

**-: દસ્તાવેજી પુરાવો:-**

| ક્રમ નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૦૮ |
| ૨. | અટક પંચનામુ | ૧૦ |
| ૩. | પંચનામુ | ૧૨ |
| ૪. | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૫ |
| ૫. | અસલ એફ.આઈ.આર. | ૧૬ |

(૫) આ કામના મહત્વના સાક્ષી તપાસ્યા બાદ અને મુળ ફરીયાદી દવારા સદર કામે પુરાવો આપવો નથી તેવી રજુઆત કરતા અને તેઓની સાથોસાથ આંક-૧૭ થી હાલનો કેસ આગળ ચલાવવા માગતાં નથી તે મુજબની કલોઝીગ પુરસીસ આપવામાં આવેલ. જેથી સદર કામે પડેલ પુરાવા અનુસંધાને આરોપીનું વિશેષ નીવેદન નોંધવામાં આવે છે અને ત્યારબાદ ફરીયાદપક્ષ

તરફે વિ.એ.પી.પી.શ્રી.એન.એલ.બામણીયા ની તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**-: મુદ્દાઓ:-**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા. ૧૪/૦૫/૨૦૨૫ ના રાત્રીના ચારેક વાગ્યે આ કામના ફરીયાદી વરવાળા અબાબાપુના ઉર્ષમાં સલામ ભરવા આવેલ હોય ત્યારે તેમનું હિરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ વાહન રજી.નંબર જી.જે. ૧૨.ઈ.જી.૭૮૦૦ જેના એન્જીન નંબર HA11EYL5L15140 તથા ચેસીસ નંબર-MBLHAW126 L5L96848 જેની કી.રૂ.૧૫,૦૦૦/- વાળું વરવાળા આરોગ્ય કેન્દ્ર સામે પાર્ક કરેલ હોય ત્યાંથી આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરોએ વાહનની ચોરી કરી લઈ જઈ તપાસ દરમ્યાન પકડાઈ જઈ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ -૩૦૩(૨), ૫૪ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત નિર્ણય અંગેના મારા ન્યાયિક નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી નિર્ણય મુજબ.

**મુદા નંબર.૧**

(૮) આ કામે આરોપીઓ સામેનો ફોજદારી કેસમાં ચોરીનો આક્ષેપ કરવામાં આવે છે ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના મુળભુત સિધ્ધાત મુજબ ફરીયાદ પક્ષે આરોપીઓનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો હોય છે અને જયા સુધી આરોપીઓ સામેનો ગુનો સાબિત ન થાય ત્યા સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનુ રહે છે વધુમા , ફરીયાદ પક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માગતા હોય તે આક્ષેપ ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે આમ હાલના કેસમાં આરોપીઓ સામે ચોરી કર્યાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદ પક્ષે નીચે મુજબના ગુનાના આવા તત્વો રેકર્ડ ઉપર શંકાથી પર સાબિત કરવાના રહે છે.

**બી.એન.એસ કલમ ૩૦૩(૧) ના આવશ્યક તત્વો**

૧. જંગમ મિલકતની ચોરી થઈ ,

૨. આ જંગમ મિલકત કોઈ વ્યકિતના કબજામાં હતી,

૩. આ જંગમ મિલકત તે વ્યકિતના કબજામાંથી ખસેડવામાં આવી,

૪. આ જંગમ મિલકત ખસેડવા માટે તેના માલિક અથવા કબજેદારની સંમંતિ ન હતી,

૫. આવુ કૃત્ય અપ્રમાણિકપણે કરવામાં આવ્યુ હતુ.

જેમાં સજાની જોગવાઈ કલમ—૩૦૩(૨)માં કરવામાં આવેલી છે.

(૯) હવે ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ તેમજ ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરવાની ચર્ચા કરવામાં આવે તો ફરીયાદપક્ષ તરફે આંક—૭ થી ફરીયાદી હનીફભાઈ

અજીજભાઈ શેખનાઓએ  સોગંદ ઉપર પુરાવો આપેલ છે. તેઓ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ઈરફાન રજાક તેનો ભાઈ થાય છે. તેના ભાઈ ઈરફાનના નામની સ્પેન્ડર હોન્ડા આવેલી છે. તેઓ તેના ભાઈનું મોટર સાઈકલ લઈને ઉર્સમાં ગયેલ અને મોટરસાઈકલ તેણે વરવાળા આરોગ્ય સેન્ટરની સામે પાર્ક કરેલ અને તેઓ દર્ગામાં ગયેલ, રાત્રીના ચાર વાગ્યે તેઓ ઉર્સમાંથી ઘરે જવા માટે નીકળેલ અને મોટરસાઈકલ પાર્ક કરેલ જે જગ્યાએ જતા તેનુ મોટરસાઈકલ કયાય જોવા મળેલ નહી અને આજુબાજુ તપાસ કરેલ અને મળી આવેલ નહી, જે બાબતે તેણે પોલીસ ફરીયાદ આપેલ. આ મોટરસાઈકલ કોણ ચોરી ગયેલ તે તેને જાણવા મળેલ નહી. ચોરાઈ ગયેલ મોટરસાઈકલ તેના ભાઈ ઈરફાને નામ. કોર્ટમાંથી છોડાવી દીધેલ અને તેઓને મળી ગયેલ છે.

સદર  ફરિયાદી ફરિયાદ હકીકતને સમર્થન આપતાં ન હોય, એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર ફરિયાદીને હોસ્ટાઇલ જાહેર કરાવી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં સમર્થનકારી પુરાવો આપેલ નથી.

બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેની ફરીયાદમાં કોઈ વ્યકિતનું નામ આરોપી તરીકે વર્ણવેલ નથી કે લખાવેલ કે તેના દેખાવનું વર્ણન કરેલ નથી. તેની મોટરસાઈકલ કોણ ચોરી ગયેલ તેની તેને ખબર નથી.

( ૧૦ ) ફરીયાદ પક્ષે  આંક –૯ થી પંચ ભરતભાઈ ડાયાલાલ રાઠોડ તથા આંક–૧૧ થી પંચ રાણાભા ઓઘડભા માણેક તથા આંક–૧૩ થી પંચ ગગુભા જીવણભા વાઘાનાઓએ  સોગંદ ઉપર પુરાવો આપેલ છે. આ પંચ સાહેદો મુદામાલ રીકવરીના તથા આરોપીની અટકના પં ચ સાહેદો છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેઓની તૈયાર પં ચનામામાં સહી કરાવેલી તે પંચનામા શેના હતા તેની તેઓને ખબર નથી. પોલીસે તેમની

હાજરીમાં મુદામાલ કબજે કરી આરોપીની અટક કરેલ હોય તેવું બનેલ નથી. તેઓ પં ચનામામાની સહી સિવાયની અન્ય કોઈ વિગત જાણતાં નથી.

સદર પંચો પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય, એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર પંચોને હોસ્ટાઈલ જાહેર કરાવી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં પં ચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી.

બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે તૈયાર પં ચનામામાં સહી લીધેલી.

(૧૧) ફરીયાદ પક્ષે આંક–૧૪ થી ત.ક.અ./દા.ક.અ. શ્રી દુષ્યંતસિંહ દશરથસિંહ ઝાલાનાઓને સોગંદ ઉપર તપાસેલા છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૨૫ ની સાલમા તેઓ દવારકા પો.સ્ટેમા પો.હેડ.કોન્સ તરીકે ફરજ બજાવતા હતા. તા. ૩૦/૬/૨૫ ના રોજ તેઓ દવારકા પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. ના ચાર્જમાં હતા ત્યારે ફરીયાદી હનીફભાઈ શેખની મોટરસાઈકલ રજી નં જ જે ૧૨ ઈજી ૭૮૦૦ વાળી વરવાળા ગામે ઉર્સમાં ચોરાઈ ગયેલાની ફરીયાદ તેની પાસે આપેલ તેઓએ ફરીયાદ લખેલ અને તેમા તેની સહી કરાવેલ.ગુન્હા અન્વયેની ફરીયાદ લીધેલી જે ફરીયાદ તેઓએ દવારકા પો.સ્ટે ગુ.ર.નં .૦૭૨૯/૨૫ બી.એન.એસ.ની કલમ ૩૦૩(૨), ૫૪ મુજબ આરોપીઓ વીરુધ્ધ ગુન્હો દાખલ કરેલો જે ગુન્હાની તપાસ તેને મળેલી. ગુન્હાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. બનાવવાળી જગ્યાએ જઈ બે પંચોને બોલાવી પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ. જેમા તેની તથા પંચોની સહીઓ છે જે તેઓ ઓળખે છે. એલ.સી.બી. દેવભુમિ દવારકાએ તા. ૧/૭/૨૫ ના રોજ આરોપી ફેઝાન સાબાદ ચૌહાણ તથા ઉમર સુલતાન મલીક મોટરસાઈકલો સાથે પકડાયેલા તેમની પાસેથી બે મોટરસાઈકલો

મળી આવેલા અને આ મોટરસાઈકલો તનવીર અબ્બા જુમા તથા જુનેદ તથા અબ્દુમસ અહમદ શેખે ચોરી કર્યા હોવાનુ ઉમર સુલતાન મલેકે જણાવેલ. જે બંને આરોપીને તેમજ મોટરસાઈકલ પંચનામાની વીગતોએ એલ.સી.બી.એ કબજે કરેલા. જે તેઓને મોટરસાઈકલ રજી નં જી જે ૧૨ ઈ જી ૭૮૦૦ તપાસના કામે કબજે કરેલી અને સદર મોટરસાઈકલ આરોપી ઉમર સુલતાન પાસેથી મળી આવેલી હોય ગુન્હાના કામે બે પંચોને બોલાવી પંચોની હાજરીમાં મોટરસાઈકલ તેમજ આરોપીની શરીર સ્થિતિનું પંચનામુ કરી અટક કરેલ, જે પંચનામુ આ કામે આંક–૧૨ થી રજુ થયેલ છે. ત્યારબાદ આરોપીને નામ. કોર્ટમાં રજૂ કરેલ. એલ.સી.બી. પોલીસે કરેલ પંચનામુ આ કામે આંક–૧૦ થી રજુ છે તે તપાસના કામે તેને મળેલ. અસલ એફ.આઈ.આર. બતાવવામાં આવે છે જેમા પી.એસ.ઓ. તરીકે તેની સહી છે જે ઓળખે છે. બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પંચોના કહયા મુજબનું પંચનામુ કરેલ.

(૧૨) આમ, સમગ્ર રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લ ેતા ફરિયાદ પક્ષના ફરિયાદીના પુરાવામાં આ મોટરસાઈકલ કોણ ચોરી કરી ગયુ તે જણાઈ આવતુ નથી અને પોલીસે મોટરસાઈકલ કબજે કર્યા બાદ તે પરત મેળવવા માટે ફરિયાદીએ અરજી કરેલી અને કોર્ટના હુકમ મુજબ ફરિયાદીને પરત મળી ગયેલ છે.

સદર ફરિયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેઓ હોસ્ટાઈલ જાહેર કરાવી વિગતવારની ઉલટતપાસ કરવા છતા તેઓ સમર્થન આપતા નથી.

(૧૩) ફરીયાદપક્ષે આ કામે રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં તેમજ સમગ્ર પુરાવાનો બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદીના પુરાવાથી તેમનુ મોટર સાઈકલ કોઈ અજાણ્યો માણસ ચોરી કરી લઈ ગયેલાની હકીકત રેકર્ડ પ્રસ્થાપીત થાય છે પરંતુ આ

કામે આરોપી પક્ષે ગુનાવાળી જગ્યાનું પંચનામું સ્વીકારેલ છે જે ગુન્હાવાળી જગ્યા પરથી ફરિયાદીની મોટરસાઈકલ ચોરી થયેલાની હકીકત પ્રસ્થાપિત થાય છે. તેમજ આ કામે રેકર્ડ જોવામાં આવે તો સદર કામે મુદામાલ વાહન કબજે કરવામાં આવેલુ હોવાનુ મુદામાલ પાવતીમા ઉલ્લેખ કરવામાં આવેલો છે. આ કામે સ્વતંત્ર એવા પંચ સાહેદોના આરોપીની અટક તથા મુદામાલ રીકવરીના પંચનામાની હકીકતો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થતી નથી કારણકે આ પંચ સાહેદો પંચનામાની હકીકતોને રેકર્ડ પર લાવેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલાં છે ત્યારે આ મોટરસાઈકલ હાલના આરોપી દવારા ચોરી કરવામાં આવેલી હોય તેવુ કોઈ રીકવરી પંચનામુ રેકર્ડ ઉપર પુરવાર થતુ નથી.

વધુમાં, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબ પોલીસ ત. ક. અ સમક્ષ જો કોઈ કબુલાત કરવામાં આવેલી હોય તો તે કબુલાત આરોપીઓ વિરુધ્ધ પુરવાર થઈ શકે નહી.

(૧૪) આમ, સમગ્ર રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા આ કામના આરોપી વિરુધ્ધ અન્ય કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય તે તમામ સંજોગોમાં ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ ફરમાવામા આવેલ આક્ષેપ કે આરોપીએ ભારતીય ન્યાય સં હીતાની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબનો ગુનો કરેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી મુદૃા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદૃા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: હુકમ ::–**

૧. આ કામના આરોપી મોહમ્મદ ઉમર સુલતાનઅલી મલેક, ઉ.વ.–૨૦, ધંધો–મજૂરી, રહે. રૂપેણ બંદર, ફકીરા ચોકમાં દવારકા, જી. દેવભુમિ દવારકાઓને ભારતીય ન્યાય સંહીતા ની કલમ– ૩૦૩(૨), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ અરજી નંબર–૧૫/૨૫ અંગે અગાઉ જે હુકમ થયેલ છે તે બિનશરતી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીનાં રુા.૫,૦૦૦/– ના અપીલ સમય સુધીના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ રાખવો. સદર જામીન છ માસ સુધી અમલમાં રહેશે. ત્યારબાદ રદ ગણવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૩ મી એપ્રીલ સને ૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સં ભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

સ્થળ: દ્વારકા.
તા: ૧૩/૦૪/૨૦૨૬

(એ. એ. શેખ)
એડિશ્નલ ચીફ જ્યુડી.મેજિસ્ટ્રેટ,
દ્વારકા (જજ કોડ નં. GJ001163)